## જન્મદિને વધામણી



કલ્પેશ જી સાગર
મો. ૯૨૭૭૬ ૦૯૦૬૦



દિવ્ય અનિલભાઈ નાયી
મો. ૯૯૨૪૧ ૪૯૩૩૫

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન - ૩**
હેટ સ્ટોરી ૪
૧૨.૪૫, ૩.૪૫, ૧૦.૦૦
**સ્ક્રીન - ૪**
૩ સ્ટોરીઝ
૫.૧૫
દિલ જંગલી
૨.૪૫, ૧૦.૦૦
દિલ કૅમિસ્ટ્રી (ગુજરાતી)
૭.૩૦
**સ્ક્રીન - ૫**
દિલ જંગલી
૧૨.૧૫
ગુજ્જુભાઈ મોસ્ટ વૉન્ટેડ (ગુજરાતી)
૨.૩૦, ૯.૪૫
૩ સ્ટોરીઝ
૭.૪૫
**સ્ક્રીન - ૬**
હેટ સ્ટોરી ૪
૬.૪૫
૩ સ્ટોરીઝ
૧૨.૩૦
દિલ જંગલી
૫.૩૦

'ખેલો ઈન્ડિયા' અંતર્ગત

# દિવ્યાંગ ખેલાડીઓ માટે જિલ્લા કક્ષાનો રમતોત્સવ યોજાયો



## કાર્યક્રમમાં ૪૫ જેટલા વિશિષ્ટ શિક્ષકો અને ૧૦૦ જેટલા દિવ્યાંગોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો

ગાંધીનગર, તા. ૧૨

'ખેલો ઈન્ડિયા' અંતર્ગત દિવ્યાંગ ખેલાડીઓ માટે જિલ્લા કક્ષાનો રમતોત્સવ તાજેતરમાં યોજવામાં આવ્યો હતો.

આ ઉપક્રમ અંતર્ગત એક દિવસ વિશિષ્ટ શિક્ષકોની તાલીમ અને બીજા દિવસે વિવિધ રમતોની સ્પર્ધાનું આયોજન વિશિષ્ટ શિક્ષકો દ્વારા જ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં ૪૫ જેટલા વિશિષ્ટ શિક્ષકો અને ૧૦૦ જેટલા દિવ્યાંગોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ રમતોત્સવમાં વિજેતા બનનારા ખેલાડીઓએ પોતાની પસંદગી રાજ્યકક્ષાની સ્પર્ધા માટે નિશ્ચિત કરી હતી.

સમગ્ર આયોજન ગાંધીનગર જિલ્લાના વિશિષ્ટ શિક્ષકોએ સ્પેશિયલ ઑલિમ્પિક્સના સહયોગથી કર્યું હતું.

ઈવેન્ટમાં રિસોર્સ પર્સન તરીકે પિયુષ પ્રજાપતિ, મુકેશ ગોસ્વામી, બીલાભાઈ રબારીએ પોતાની સેવાઓ આપી હતી.

જિજ્ઞેશ રાવલના માર્ગદર્શન હેઠળ આ સમગ્ર રમતોત્સવની જવાબદારી ભોળાભાઈ પટેલ, અજિતસિંહ રાઠોડ અને વિશ્વાસ મિસ્ત્રીએ સંભાળી હતી.

# લીંબડી ગામે 'બેટી વધાવો' ગુરૂ શિબિર સંપન્ન થઈ



ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર તાલુકા આરોગ્ય કચેરી અને વડોદરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે વડોદરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર લીંબડી ગામે 'બેટી વધાવો' ગરૂ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં દિકરીઓની ઘટતી સંખ્યા, તમાકુના વ્યસનથી થતી હાનિ તથા પોલિયો કાર્યક્રમ વિશે ચર્ચા કરવામાં આવી હતી.

શિબિરમાં ગાંધીનગર તાલુકા આરોગ્ય કચેરીના આઈ.ઈ.સી. અધિકારી રાજેન્દ્ર પટેલ, વડોદરા પી.એચ.સી.ના ભાવેશ પટેલ, મેડીકલ ઓફિસર રશ્મિકા રાઠોડ તથા મહિલા હેલ્થ વર્કર રમીલાબેન ઉપસ્થિત રહ્યા હતા. રાજેન્દ્ર પટેલે શિબિરમાં સમાજમાં દિકરીઓની ઘટતી સંખ્યા અંગે ચિતાર રજૂ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, 'દિકરી સાપનો ભારો નથી પરંતુ વ્હાલનો દરિયો છે. દીકરીના ઉછેર, ખોરાક, આરોગ્ય, શિક્ષણ બાબતે કોઈપણ પ્રકારનો ભેદભાવ રાખવો જોઈએ નહી.' આ શિબિરમાં તમાકુના વ્યસનથી થતા નુકશાન વિશે સમજણ આપવામાં આવી હતી. તેમજ તમાકુ, ગુટકા, પાન-મસાલા, બીડી, સિગારેટને તિલાંજલી આપવાની શીખ આપવામાં આવી હતી. આ ઉપરાંત ૧૧મી માર્ચે રાજ્ય સરકાર તરફથી આયોજિત પોલીયો રસીકરણ કાર્યક્રમમાં ૦ થી ૪ વર્ષનું એકપણ બાળક બાકી ન રહી જાય તેની જાણ કરવામાં આવી હતી.

## મેઘાણીની ૭૧મી પુણ્યતિથિએ 'મેઘાણી વંદના' યોજાઈ

ગાંધીનગર, તા. ૧૨

સુરક્ષા સેતુ સોસાયટી – બોટાદ જિલ્લા પોલીસ તથા ઝવેરચંદ મેઘાણીના પૌત્ર પિનાકી નાનકભાઈ મેઘાણી સ્થાપિત ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન દ્વારા થયું. ૧૦૦૦૦ની વિશાળ માનવી મેદનીએ મોડી રાત સુધી કાર્યક્ર્મને રસપૂર્વક માણ્યો હતો.

પિનાકી મેઘાણી અને તેમના માતા કુસુમબેન મેઘાણી, બોટાદ જિલ્લા પોલીસ અધિક્ષક સજનસિંહ પરમાર, બોટાદ જિલ્લા વિકાસ અધિકારી હિતેષ કોયા, પૂર્વ નાણા મંત્રી બાબુભાઈ મેઘજી શાહ, બોટાદ નગરપાલિકા પ્રમુખ બીનાબેન મહેતા અને ઉપપ્રમુખ કિશોરભાઈ પાટીવાળા, બોટાદ એપીએમસી ચેરમેન ડી. એમ. પટેલ અને વાઈસ-ચેરમેન જોરૂભાઈ ધાધલ, બોટાદ તાલુકા ખરીદ વેચાણ સંઘ ચેરમેન મનહરભાઈ માતરીયા, રાણપુર એપીએમસી ચેરમેન નરેન્દ્રભાઈ દવે, એલસીબી પીઆઈ એચ. આર. ગોસ્વામી, બોટાદ પીઆઈ જે. એમ. સોલંકી, એલઆઈબી પીઆઈ યુ. બી. ધાખડા, એસઓજી પીઆઈ (ઈન્ચાર્જ) એસ. એન. રામાણી, ગઢડા પીએસઆઈ આર. બી. કરમટીયા, ઢસા પીએસઆઈ એ. પી. સલૈયા, પીએસઆઈ સગર, ટ્રાફીક પીએસઆઈ દેસાઈ તથા પોલીસ પરિવાર, અગ્રણીઓ વિનુભાઈ સોની, રેખાબેન ડુંગરાણી, ભીખુભા વાઘેલા, ચંદુભાઈ સાવલીયા, અશોકભાઈ લકુમ, હરેશભાઈ ધાધલ, બાપુભાઈ ધાધલ, ધર્મેન્દ્રભાઈ વડોદરિયા, કનુભાઈ ધાધલ, હુસેનભાઈ શ્યામ, કિશનભાઈ મહેતા, સામતભાઈ જેબલિયા, બાબભાઈ ખાચર (સાળંગપુર), જયેશભાઈ ખંધાર (મુંબઈ), વિનોદભાઈ મિસ્ત્રી (ભરૂચ) સહિત મોટી સંખ્યામાં વિવિધ ક્ષેત્રોનાં અગ્રણીઓ, નગરજનો અને મેઘાણી-ચાહકો ઉપસ્થિત રહ્યાં હતાં.

# વિદ્યાર્થીઓને પરીક્ષા માટે રાઈટિંગ પેડ - પૅનની ભેટ



શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી ઘનશ્યામ મહારાજ અમૃત પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત આચાર્યશ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજશ્રી દ્વારા ભેંસાલ ખાતે વિદ્યાર્થીઓને પરીક્ષા પૂર્વે રાઈટીંગ પેડ તેમજ પૅનનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## ઈસનપુર મોટા એમ.બી. પટેલ સાર્વ. હોસ્પિટલ ખાતે 'નન્હી પરી અવતરણ કાર્યક્રમ' યોજાયો





ગાંધીનગર, તા. ૧૨

ઈસનપુર મોટા એમ.બી. પટેલ સાર્વજનિક હોસ્પિટલ ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ૮મી માર્ચે અવતરણ પામેલી નવજાત બાળકીઓના વધામણા કરવામાં આવ્યા હતા. ૮મી માર્ચે અવતરણ પામેલી નવજાત બાળાના માતા તથા ગ્રામ પંચાયતના સભ્ય વર્ષા ઠાકોરને દીકરીનાં વધામણાં પેટે સરકાર તરફથી લક્ષ્મી અને સરસ્વતીની પ્રતિમા સાથેનો ચાંદીનો સિક્કો તેમજ કીટ અર્પણ કરવામાં આવી હતી. આ ઉપરાંત સંસ્થાના મંત્રી રામચન્દ્ર પટેલ અને રમેશ પટેલે નવજાત બાળકીની માતાને ૫૦૦ રૂ. રોકડ પુરસ્કાર આપીને સન્માનિત કરી નન્હી પરી અવતરણની શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે તાલુકા આરોગ્ય અધિકારી, મેડીકલ ઓફિસર, હોસ્પિટલના કર્મચારીગણે ઉપસ્થિત રહીને નન્હી પરીને રમકડાં આપી વધામણી કરી હતી.

# શ્રી સ્વામિનારાયણ પોલિટેકનીકનો વાર્ષિકોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૧૨

શ્રી સ્વામીનારાયણ પોલિટેકનીક ગાંધીનગર કોલેજનો વાર્ષિકોત્સવ ઉડાન-૨૦૧૮ ટાઉનહોલ સેકટર-૧૭ ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં સ્ત્રી સશકિતકરણ એટલે કે બેટી બચાવો બેટી પઢાવો ના સુત્રને સમર્પિત હતો.તા.૮ માર્ચને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે ઉડાન -૨૦૧૮નું અયોજન કરવામાં આવ્યું હતું. વિશ્વ મહિલા દિવસને અનુલક્ષીને કોલેજ દ્વારા વિશ્વ સમાજમાં સ્ત્રીઓનું મહત્વ સમજાવવાનો અનોખો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. સમય અનુસાર સ્ત્રી પુરુષ સમોવડી સંપૂર્ણ જીવન કુટુંબ માટે આપે છે તે મહત્વ વિદ્યાર્થી સમજે અને માતા, પત્ની અને દિકરી ને સમગ્ર જીવન સન્માન આપે તે સમજાવવા માટે નાટક, નૃત્ય અને સંગીતમય કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે ગુજરાતના વાહન વ્યવહાર કમિશનર આર. એમ. જાદવ, આશિષ શાહ, વિનોદ મોદી, રામકૃષ્ણ સ્વામી, તેમજ ધર્મેશ વંડરા દ્વારા દીપ પ્રાગટય અને શ્રેષ્ઠ પરિણામ તેમજ સ્ટેટ અને નેશનલ કક્ષાએ વિવિધ રમત રમવા ગયા હોય તેવા વિદ્યાર્થીઓને મેડલ તેમજ પારિતોષિક આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીનીઓ દ્વારા લાડલી, હિમાલય, બેટી બચાવો, ડિવાઈન લાઈફ, વુમન એમ્પાવર જેવા અદભુત કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે ટાઉનહોલમાં હાજર વાલીગણમાં કરુણામય વાતાવરણ જોવા મળ્યુ હતું. શ્રી સ્વામીનારાયણ પોલિટેકનીકના કાર્યક્રમ સમાજ અને સંસ્કારમય હોય છે. હોલમાં નિધી પંચાલ, દ્વારા બેટી બચાવો બેટી પઢાવો અદ્‌ભુત પેઈન્ટીંગનું પ્રદર્શન કર્યું હતું. કાર્યક્રમના અંતે સંસ્થા દ્વારા સર્વે વિદ્યાર્થીઓ, વાલીઓ તેમજ મહેમાન, સ્ટાફમિત્રોનો આભાર વ્યકત કર્યો હતો.

# 'વસંતોત્સવ' એટલે રોમેરોમમાં આહ્લાદનાં ઈન્જેકશન



**આત્મનાદ**
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

વસંત એટલે આનંદ. વસંત એટલે મોજનો સમય. બાલ્યાવસ્થાનો ઉંબરો ઓળંગીને જુવાનીના યૌવનના આહલાદને જીવનની વસંત કહેવાય. મહા અને ફાગણ મહિનામાં શુક્લ પક્ષની પાંચમ એટલે વસંત પંચમી. આ દિવસ ફુલગુલાબી યૌવનથી ફાટ ફાટ થતી વસંત ઋતુના પ્રારંભનો છડીદાર છે. આ કલરફુલ દિવસના વધામણા વાતાવરણમાં ગુલાલ ઉડાડીને કરાય છે. આ દિવસે હોળી અને ઘમાર ગાયનનું વિશેષ મહત્વ છે. લોકો વાસંતી વસ્ત્રો પહેરી મોજથી નાચે-ગાય છે. વસંત ઋતુનો પ્રારંભ સ્વયં એક ઉત્સવ છે. વસંતોત્સવને મદનોત્સવના રૂપમાં પણ ઉજવવામાં આવતો હોય છે. કામણગારા શ્રીકૃષ્ણ અને શૃંગાર દેવ કામદેવ આ ઉત્સવના આરાધ્ય દેવતા માનવામાં આવે છે.

કામદેવના કામશાસ્ત્રમાં 'શુવસંતક' નામના ઉત્સવની ચર્ચા આવે છે. 'સરસ્વતી કંઠાભરણ'માં લખ્યું છે કે, 'શુવસંતક' વસંતાવતારના દિવસને કહેવામાં આવે છે. વસંતાવતારનો અર્થ એ થાય કે, આ દિવસે પૃથ્વી પર વસંતનું અવતરણ થાય છે. 'માત્સ્યસુત્ક' અને 'હરિભક્તિ વિલાસ' જેવા પૌરાણિક ગ્રંથોમાં આ દિવસને વસંતનો પાદૂર્ભાવના દિવસ તરીકે ઓળખ આપવામાં આવી છે. શબ્દ, સ્પર્ષ, રૂપ, રસ, ગંધ કામદેવના આ પંચસર પ્રકૃતિ સંસારમાં અભિસારને આમંત્રિત કરે છે. પૌરાણિક કથાઓમાં વસંતને કામદેવનો પુત્ર કહેવાયો છે. કવિ દેવે વસંતનું વર્ણન કરતાં કહ્યું છે કે, સૌંદર્યના દેવતા કામદેવના ઘરે જ્યારે પારણું બંધાવાના સમાચાર મળ્યા ત્યારે સમસ્ત પ્રકૃતિ નાચી ઊઠે છે. વનસ્પતિ ઉપર નવા પર્ણો પારણું બનાવી કામદેવના પુત્ર વસંતને ઝૂલાવવા માટે સજ્જ થઈ જાય છે. વસંતના વસ્ત્રો બનવા માટે ફૂલો સોળે કળાએ ખીલી ઊઠે છે. વસંતને હિંચકો નાંખવા કાતિલ ઠંડી ઓગળીને સુર્યદેવ માફકસરનો ગરમાટો પેદા કરી મંદ મંદ હુંફાળા પવનથી વસંતનું પારણું ઝૂલાવે છે. કોયલ તેના મીઠા કંઠથી સમગ્ર વાતાવરણને સંગીતમય બનાવી બહેલાવે છે. ભગવાન કૃષ્ણએ ગીતામાં પણ કહ્યું છે કે, ઋતુઓમાં હું વસંત છું. સંગીતમાં એક વિશેષ રાગ 'રાગ બસંત' કહેવાઉં છું.

જુવાનીને યૌવનના આહલાદમાં સહેલાવતી અને બહેલાવતી વસંત ઋતુની પંચમીથી યોજાતો વસંતોત્સવ સુકી ધરતી ઉપર વરસાદના પ્રથમ બુંદ સાથે ઉઠતી મદમસ્ત સોડમ સમો મજેદાર લાગે છે. વસંતની વધામણી કરતો અને રોમેરોમમાં આહલાદના ઈન્જેકશન આપતો ગાંધીનગરના સંસ્કૃતિ કુંજમાં યોજાતો વસંતોત્સવ હવે ગુજરાતના સીમાડા લાંઘીને દેશ-વિદેશના લોકોને ઈમ્પ્રેસ કરીને ગુજરાત આવવા ઈજન આપી રહ્યો છે. લોકનૃત્યો, હસ્તકલા પ્રદર્શન, એડવેન્ચર સ્પોટ્‌ર્સના ત્રિવિધ મોજ અને મસ્તીથી ભરેલો વસંતોત્સવમાં લાગલગાટ ૧૫ દિવસ સુધી ઉછળતી મોજની લહેરોમાં હિલોળા લેવાની મસ્તી અનેરી હોય છે.

એકાદ દાયકા પહેલાં આખા દેશમાં એકમાત્ર સુરજકુંડનો મેળો વસંતના વધામણા રૂપે દેશ અને દુનિયામાં જાણીતો હતો. આજે હવે હરિયાણા-દિલ્હી બોર્ડર પાસેનો સુરજકુંડનો મેળો એક માત્ર વસંતોત્સવની ઓળખ નથી બની રહ્યો. સુરજકુંડના નકશેકદમ ઉપર જ ગુજરાત સરકાર દ્વારા પાટનગર ગાંધીનગરના આંગણે સાબરમતીના તટ ઉપર ૨૨-૨૨ વર્ષોથી વસંતના વધામણાનો અનોખો વસંતોત્સવ નાચ-ગાન અને આનંદ-ઉત્સાહની છોળો ઉડાડે છે.

સુરજકુંડનો મેળો સપાટ મેદાનવાળી ભૂમિ ઉપર યોજાય છે, જ્યારે ગુજરાતના ગાંધીનગરના સંસ્કૃતિકુંજમાં ઉજવાતો 'વસંતોત્સવ' સાબરમતી નદીની કોતરોમાં કુદરતે સર્જેલા બ્યુટીફુલ લેન્ડસ્કેપીંગના અનોખા અને મજેદાર વાતાવરણમાં યોજાય છે. વળી ગુજરાતના સંસ્કૃતિ કુંજના વસંતોત્સવમાં એક વિશેષતા એ પણ છે કે, કુદરતી વાતાવરણમાં યોજાતા આ મેળામાં હજારો દેશી-વિદેશી પંખીઓ જોવા મળે છે. અહીં કુદરતી ઝાડીનું વાતાવરણ પંખીઓ માટે સ્વર્ગ સમાન (બર્ડ પેરેડાઈઝ) છે. બર્ડ લવર્સ એન્ડ વોચર્સને પણ વસંતોત્સવમાં બર્ડ વોચીંગની એડિશનલ ફ્લેવર મળે છે.

વર્લ્ડ હેરિટેઝ સિટી અમદાવાદની ૧૨૪ વર્ષ પુરાણી કલાત્મક હવેલી સંસ્કૃતિ કુંજનું અનોખું ઘરેણું છે. એડવેન્ચર સ્પોર્ટસ અને ફુડ કોર્ટ વસંતોત્સવના નવા આકર્ષણો છે. ૩૦૦ ઉપરાંત વિવિધ હસ્તકલા કારીગરીના સ્ટોલ્સ ઉપરથી ભાતીગળ હસ્તકલાની ચીજવસ્તુઓની મોટી હાટ બજાર વસંતોત્સવનું હાર્દ છે. રોજગાર-સ્વરોજગારની સાથે વસંતના વધામણા કરતો યૌવનના ફાગ ખેલતો મજેદાર મેળાવડો યુવા હૈયાઓનું માનીતું સ્થળ બની ગયું છે. સાબરમતીના તટ ઉપર ઉબડખાબડ કોતરોમાં સજાવાયેલી રંગબેરંગી હાટડીઓ વચ્ચે ઊભું કરાયેલું ઓપનએર થિયેટર સૂરજ ઢળતાં આહલાદક લાગે છે. સુરજ ઢળતાની સાથે રંગબેરંગી રોશનીથી ઝળહળતો આ મંચ ઉપર રાષ્ટ્રભરમાંથી આવેલા લોકકલાકારો તેમની કલાના ઓજસ પાથરે છે. એવું લાગે જાણે કે, વિરાટ ભારત નાચતું, ગાતુ, થનગનતું સમેટાઈને બે કલાક માટે સાબરમતીની આ કોતરોમાં ઉતરી આવ્યું ન હોય ?

પંજાબ, રાજસ્થાન, છત્તીસગઢ, કેરાલા, સિક્કીમ, નાગાલેન્ડ, ઓરિસ્સા, મણિપુર, કોલકાતા વગેરે રાજ્યોમાંથી ૫૦૦ ઉપરાંત કલાકારોના લોકનૃત્યોથી મંચ ધમધમી ઊઠે છે. રાજસ્થાનની વિચરતી જાતિઓમાં મશહુર એવું કાલબેલિયા નૃત્ય હોય કે પછી મિઝોરમનું ચેરો નૃત્ય હોય, પંજાબમાં લગ્ન પ્રસંગે ગવાતું ગીદ્દા નૃત્ય હોય કે મણિપુરનું થાંગ-ટા હોય, આસામનું બીહુ કે પછી કર્ણાટકનું ઢોલુ કુદીઠા હોય, હરિયાણવી ઘુમર કે મહારાષ્ટ્રનું લાવણી, ઓરિસ્સાનું કોટીપુઆ હોય કે ગડવાલનું ચૌકુલા-થાડીસ, ઉતરાખંડનું ઠારીયા ચૌફલા હોય કે દાંડીયા ઘૈર નૃત્ય, ગોવાનું દેખણી હોય કે રાજસ્થાનનું ભપંગ વાદન કે પછી પંજાબનું ભાંગડા હોય આ બધા નૃત્ય અને ગીત સંગીત હકડેઠઠ મેદનીને તન-મનને મસ્તીથી ડોલાવે છે. આની સાથોસાથ ગુજરાતના એવરગ્રીન દાંડીયા-રાસની મોજ તો ખરી જ ખરી. વળી ગરવા ગુજરાતની શ્પેશીયાલીટી સમા નૃત્યો, દાહોદનું તલવાર નૃત્ય, ડાંગનો આદિવાસી નૃત્ય, વલસાડનું ઢોલ, ક્વાંટનો ત્રિરંગા, જૂનાગઢ અને ભરૃચનું સીદી ધમાલ, વડોદરાનું મોરપીચ્છ, કચ્છી ઘોડી, મેવડો, હવાઈ, સનેડો, વેરાડી ઝુલણા, હાવણહથ્થો, મહિસાસુર વધ વસંતોત્સવમાં પ્રતિદિન આ મંચનું શાનદાર તોરણ બનીને ઝૂલતા હોય છે.

વસંત ઋતુના પગરવ સંભળાતાં જ પ્રકૃતિનું પ્રત્યેક કણ આળસ મરડીને બેઠું થઈ જાય છે. વનસ્પતિ હરિયાળા પર્ણોથી મુસ્કાન કરતી હોય એમ લાગે છે. કળી ફૂલ બનીને મહેંકે છે. અતિશય ઠંડીને કારણે સંકોચાઈ ગયેલું જનજીવન હુંફાળા વાતાવરણથી અંગડાઈ લઈને બેઠું થાય છે. લોકોમાં, પશુપક્ષીઓમાં ઉલ્લાસ અને નૈસર્ગિક આનંદનો આવિર્ભાવ થાય છે. પ્રાચીન ગ્રંથોમા થયેલા ઉલ્લેખો અનુંસાર વસંતપંચમીના આવિષ્કારને જ્ઞાન અને કલાની દેવી મા સરસ્વતીના જન્મદિવસ તરીકે પણ ઉજવવામાં આવે છે. શિક્ષણશાસ્ત્રીઓ અને પ્રબુદ્ધો વસંતપંચમીના દિવસે મા શારદાનું પૂજન-અર્ચન કરી વધુ જ્ઞાનવાન અને પ્રાણવાન બનવાની પ્રાર્થના કરતા હોય છે. જેમ સૈનિકો વિજયાદશમીના દિવસે શસ્ત્રનું પૂજન કરે છે એમ વિદ્વાનો પોતાના પુસ્તકો અને કલાકારો તેમની કલાનું વસંતપંચમીના દિવસે હ્રદયપૂર્વક પૂજન-અર્ચન કરે છે. વસંતપંચમીના દિવસે લેખક હોય કે ગાયક, સંગીતકાર હોય કે નાટ્યકાર, નૃત્યકાર હોય કે ચિત્રકાર આ તમામ લોકો તેમના દિવસનો પ્રારંભ તેમની કલા સાધનાની પૂજાવિધિ અને મા સરસ્વતીની વંદના કરે છે. ઐતિહાસિક કથા મુજબ વસંતપંચમીના દિવસે પૃથ્વીરાજ ચૌહાણે મહંમદ ઘોરીને શબ્દવેદી બાણ મારીને ધરાશાયી કર્યો હતો. નેપાળમાં પણ વસંતપંચમીનું અનેરું મહત્વ છે. મહા મહિનાના પાંચમા દિવસથી નેપાળમાં વસંતનો જશ્ન મનાવવાનું શરૂ થઈ જાય છે. સંસ્કૃતિકુંજના આંગણે હિન્દુસ્તાનના તમામ કલાકારોના લોકનૃત્યો, હસ્તકલાની વેચાણ સામગ્રી એડવેન્ચર સ્પોર્ટસ, નદી કિનારાના કોતરોમાં કુદરતી આહલાદક વાતાવરણ, ફૂડ કોર્ટ, ગીત-સંગીત અને નૃત્યના અનોખા તાલમેલ સાથે વસંતના વધામણા કરતો ગુજરાતનો વસંતોત્સવ દેશ અને દુનિયાના યૌવનને આવકાર આપી રહ્યો છે.



**ધબકાર**

જગતમાત્રનુ જીવન એ પ્રેમ છે, ઓમકાર પ્રેમ છે, નાદમાં પ્રેમ છે, છંદમાં પ્રેમ છે, પુરુષમાં પ્રેમ છે, પ્રકૃતિમાં પ્રેમ છે, જડમાં પ્રેમ છે અને ચેતનમાંય પ્રેમ છે..... શ્રીમદ ભાગવત ગીતા.

(તસવીર સૌજન્ય : ડૉ. દર્શન શાહ)